
# ગુજરાતમિત્ર
## ગતિવિધિ

## ગૌમાતા રાષ્ટ્રમાતા આંદોલન અંતર્ગત દિલ્હી માં 2 થી 6 ઓગસ્ટ ગૌ સંસદનું આયોજન



વડોદરા : ભારતની રાજધાની દિલ્હીમાં જ્યોતિષ પીઠના જગદ્ગુરુ શંકરાચાર્ય અનંતશ્રી વિભૂષિત સ્વામિશ્રી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીજી મહારાજનું ચાતુર્માસ વ્રત અનુષ્ઠાન ચાલી રહ્યું છે, તે અંતર્ગત ગૌમાતા રાષ્ટ્રમાતા આંદોલન હેઠળ ગૌ સંસદનું આયોજન તા. ૨ થી ૬ ઓગસ્ટ માં કરવામાં આવ્યું છે. ગુજરાત થી કિશોર દવે (બનાસકાંઠા), ડૉ ગાર્ગી પંડિત (વડોદરા), મનોજ પટેલ(કર્ણાવતી), શંભુ પ્રસાદ પાઠક(ગોધરા), સ્વામી નિજાનંદ ગિરિ (છોટાઉદેપુર), સંજય રાવ (ખેડા), ભાસ્કર ત્રિવેદી (ભરૂચ), ભરત ખુમાણ (અમરેલી), રણછોડ ભરવાડ (બાવળા), પ્રકાશ મહેતા (જૂનાગઢ) સહિત ગો વિશેષજ્ઞો, ગૌ પાલક તેમજ અન્ય મહાનુભાવો ગૌ સંસદ માં સમ્મિલિત થવા દિલ્હી પહોંચ્યા. ગોમાતા ને રાષ્ટ્રમાતા નું સ્થાન અપાવવા માટે ગો સંસદ માં ચર્ચા વિચારણા કરી પ્રસ્તાવ પારિત કરાશે.

## 1 થી 8 ઓગસ્ટ સુધી "નારી વંદન સપ્તાહ" ઉજવાશે, જિલ્લા કક્ષાએ વિવિધ કાર્યક્રમો

વડોદરા : આજે મહિલા સુરક્ષા દિવસની ઉજવણીના ભાગરૂપે સપ્તાહ દરમ્યાન સ્વરોજગાર મેળા, મહિલા સન્માન સમારોહ અને જાગૃતિ સેમિનાર જેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન રાજ્ય સરકાર દ્વારા મહિલાઓ સશક્ત બને શિક્ષીત બને અને જાગૃતિ કેળવાય તે હેતુથી મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આગામી તા.૦૧/૦૮/૨૦૨૪ થી તા.૦૮/૦૮/૨૦૨૪ દરમિયાન "નારી વંદન ઉત્સવ" સપ્તાહની ઉજવણી કરવામાં આવનાર છે. જે અંતર્ગત વડોદરા જિલ્લાના વિવિધ સ્થળે "નારી વંદન સપ્તાહ" દરમિયાન યોજાનાર કાર્યક્રમોમાં તા.૦૧/૦૮/૨૦૨૪ થી તા. ૦૮/૦૮/૨૦૨૪ સુધી ક્રમશઃ મહિલા સુરક્ષા દિવસ, બેટી બચાવો બેટી પઢાવો, મહિલા સ્વાવલંબન દિવસ, મહિલા નેતૃત્વ દિવસ, મહિલા કર્મયોગી દિવસ, મહિલા કલ્યાણ દિવસ અને મહિલા અને બાળ આરોગ્ય દિવસની ઉજવણી કરવામાં આવનાર છે. ઉજવણીમાં વિદ્યાર્થીનીઓ, ગૃહિણીઓ, આંગણવાડી કાર્યકરો, વર્કિંગ વુમન, શ્રમજીવી મહિલાઓ, સ્વ સહાય જૂથની બહેનો, સગર્ભા અને ધાત્રી મહિલાઓને ધ્યાનમાં રાખીને જનજાગૃતિ થાય તે માટે વિવિધ કાર્યક્રમો યોજાનાર છે.

## રક્ષાબંધન અને જન્માષ્ટમી પર્વે સ્ટેચ્યુ ઓફ યુનિટી સહિતના તમામ પ્રકલ્પો ખુલ્લા રહેશે


વડોદરા : વિશ્વભરના પ્રવાસીઓ માટે આજે સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રવાસ માટે પ્રથમ પસંદગીનું સ્થળ બન્યુ છે,SoUADTGAના ચેરમેનશ્રી મુકેશ પુરી અને મુખ્ય કારોબારી અધિકારીશ્રી ઉદિત અગ્રવાલ દ્વારા જે-તે સોમવારે તહેવાર હોય તે દિવસે પ્રવાસીઓની માંગણીને ધ્યાને લઈને સોમવારે પણ સ્ટેચ્યુ ઓફ યુનિટી સહિતના પ્રકલ્પો પ્રવાસીઓ માટે ખુલ્લા રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે તે મુજબ તા. ૧૯/૦૮/૨૦૨૪, રક્ષાબંધન અને તા. ૨૬/૦૮ ૨૦૨૪ જન્માષ્ટમી પર્વ નિમિત્તે સોમવારે પણ સ્ટેચ્યુ ઓફ યુનિટી સહિતના પ્રકલ્પો પ્રવાસીઓ માટે ખુલ્લા રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે,સામાન્ય રીતે સ્ટેચ્યુ ઓફ યુનિટી અને અન્ય પ્રવાસીય પ્રકલ્પો પ્રતિ સોમવારે સાપ્તાહિક મરામત કાર્ય માટે બંધ રાખવામાં આવે છે.

સોમવારે ઉજવવામાં આવતા તહેવારો નિમિત્તે પ્રવાસીઓ માટે તમામ પ્રકલ્પો ખુલ્લા રાખવાના નિર્ણયને આ અગાઉ ખુબ સારો પ્રતિસાદ મળ્યો હતો, અને SoUADTGA ના આ નિર્ણયને કારણે પ્રવાસીઓને શનિવાર,રવિવાર અને સોમવારના મિનિ વેકેશનનો લાભ મળે છે. તહેવાર નિમિત્તે સોમવારે તમામ પ્રવાસિય પ્રકલ્પો ખુલ્લા રાખવાના કારણે બીજા દિવસે મંગળવારે સાપ્તાહિક રજાની પણ જાહેરાત કરવામાં આવે છે.

### સુપ્રિટેન્ડન્ટમાં અતિ વ્યસ્ત હોવા છતા સ્વયં ડો.રંજન ઐયરે સર્જરીઓ હાથ ધરી

# SSG હોસ્પિટલમાં ચિરફાડ વિના નાકની અંદરના ગાંઠની 200થી વધુ સફળ સર્જરી

**આ** ગાંઠ સામાન્ય રીતે 9 થી 19 વર્ષના તરુણોમા જોવા મળતી હોય છે





(પ્રતિનિધી) વડોદરા, તા.31

શહેરના કોઠી વિસ્તારમાં રહેતા સગીર બાળકને છેલ્લાં 4 મહિનાથી નાકની ડાબી બાજુના સ્વર બંધ થઈ જતા શ્વાસ લેવામાં ખૂબ જ તકલીફ પડતી હતી. ત્યારબાદ ધીરેધીરે બિલકુલ શ્વાસ લેવાનું બંધ થઈ જતા સગીરને તાત્કાલિક સયાજી હોસ્પિટલના ઈએનટી વિભાગમાં લઈ આવ્યા હતા. ત્યારબાદ એન્ડોસ્કોપી અને સીટી સ્કેન કરવામાં આવ્યું હતું. જેથી નાકની પાછળ ગાંઠ હોવાનું હોવાનું નિદાન થયું હતુ. ત્યારબાદ સુપ્રિટેન્ડન્ટમાં અતિ વ્યસ્ત હોવા છતા સ્વયં ડો.રંજન કૃષ્ણ ઐયરના હસ્તે ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું અને એક બોટલ લોહી પણ ચઢાવવામાં આવ્યું હતું અને નાકમાં ચીરો મૂક્યા વિના જ આધુનિક પદ્ધતિ દ્વારા આ જટીલ ગાંઠની સફળ સર્જરી કરાઈ હતી.

આ અંગે ઈએનટી વિભાગના પ્રાધ્યાપક અને વડા અને સુપરિન્ટેન્ડટ ડો.રંજનકૃષ્ણ ઐયરે જણાવ્યુ હતું કે નાસોફેરિંજયલ એન્જીઓફાઈબ્રોમા એ ખૂબ જ દુર્લભ નાકની ગાંઠ છે જે મગજ અને આંખો સુધી ફેલાઈ શકે છે. આ ગાંઠ લગભગ પ્રત્યેક એક લાખ માણસે એક વ્યક્તિમાં જોવા મળે છે. પહેલાના દિવસોમાં ચહેરા પર ચીરો મુકીને આ સર્જરી કરવામાં આવતી હતી. જેના કારણે ચહેરા પર ચીરાનુ નિશાન જોવા મળતુ હતું. શહેરની એસ. એસ. જી. હોસ્પિટલના કાન, નાક, ગળાના વિભાગ ખાતે ચીરો મૂક્યા વિના આ ગાંઠની લગભગ 200 કરતા પણ વધુ સફળ ઓપરેશન કરવામાં આવ્યા છે.

જુવેનાઈલ નાસોફેરિંજયલ એન્જીઓફાઈબ્રોમાના લક્ષણોમા નાકમાંથી રક્તસ્રાવ, નાક બંધ લાગવુ, માથાનો દુખાવો અને પ્રસંગોપાત આંખની દ્રષ્ટિમા ઘટાડો થવો જેવા મુખ્ય લક્ષણો નો સમાવેશ થાય છે. આ ગાંઠનુ નાકની એન્ડોસ્કોપી તથા નાક અને સાયનસના સી. ટી. સ્કેન દ્વારા કોઈ પણ કાન, નાક, ગળા ના ડોક્ટર દ્વારા સરળતા થી નિદાન કરી શકાય છે. આ ગાંઠ સામાન્યત 9 થી 19 વર્ષના તરુણો મા જોવા મળતી હોય છે.

નાકમાંથી અચાનક કોઈ કારણ વગર લોહી પડવા લાગે એવા ચિન્હો સાથે દર્દી ઓ આવતા હોય છે. સાદી દૂરબીનની તપાસથી આ ગાંઠનુ નિદાન થતું હોય છે. ત્યારબાદ કોન્ટ્રાસ્ટ આપી સી. ટી. સ્કેન કરીને નિદાનને ચોક્કસ કરાતું હોય છે. ત્યારબાદ સર્જીકલ ટીમ ઓપરેશનનો નિર્ણય, કઈ રીતે ગાંઠ સુધી પહોંચવું, ફક્ત એન્ડોસ્કોપી થી ઓપરેશન શક્ય છે કે નહિ એનો નિર્ણય કરે છે. ઓપરેશન પહેલા મુખ્ય ધમની જે આ ગાંઠને લોહી પહોંચાડતી હોય છે તેને માઈક્રો- વાસ્ક્યુલર એમ્બોલાઈજેશનથી બ્લૉક કરીને ઓપરેશન કરીએ તો રક્તસ્રાવ નહિવત કરી શકાય છે. આ પ્રક્રિયા જટીલ તથા મોંઘી હોય છે તથા આમાં વાસ્ક્યુલર ઈન્ટરવેંશનલ રેડીઓલોજિસ્ટ ની જરૂર પડે છે. જૂની પદ્ધતિ મા 3 થી 4 બ્લડ યુનિટ આપવા પડતા જે હવે ઘટી ને 1 થી 2 થઈ ગયા છે.

### પરિવારજનોને ઈશ્વરરૂપી ડો.હોવાની પ્રતીતિ કરાવી

દર્દીઓ માટે ખરેખર ડોક્ટર જ ભગવાન હોય છે. આ વાતને વડોદરાની એસ.એસ.જી.હોસ્પિટલમાં ફરજ બજાવતા ENT વિભાગના પ્રાધ્યાપક અને વડા તથા સુપ્રિટેન્ડન્ટ ડોક્ટર રંજન કૃષ્ણ ઐયરને યથાર્થ રીતે લાગુ પડે છે. કારણકે તેઓ સુપ્રિટેન્ડન્ટ અતિ વ્યસ્ત હોવા છતા મારા દિકરાની નાકની ગાંઠની જટીલ સર્જરીનું સ્વયં ઓપરેશન હાથ ધર્યુ હતું. સુપ્રિટેન્ડન્ટની કામગીરી બાદ પણ તેઓ હોસ્પિટલના ઓપરેશન થીએટરમાં આવીને અવિરતપણે મારા પુત્રની સેવામાં રચ્યા પચ્યા રહ્યા. તેઓએ મને તથા મારા પરિવારજનોને ઈશ્વરરૂપી ડોકટર હોવાની પ્રતીતિ કરાવી હતી. સાથે એસોસીએટ પ્રોફેસર ડોક્ટર રાહુલ ગુપ્તા તથા એનેસ્થેસિયા વિભાગ સહિત સમગ્ર ટીમે દ્વારા સફળ કામગીરી કરવામાં આવી હતી. **(સગીર દર્દીના પિતા)**

### સાયબર ગઠીયાઓ પૈસાઓની માંગ કરતા સાયબર ક્રાઈમમાં ફરિયાદ

# સામાજિક અગ્રણીના FB એકાઉન્ટ પર મહિનામાં 4 ફેક પ્રોફાઈલ બનાવી




**ભરૂચના હરીશ** જોષીએ કેન્દ્રીય ઇન્ફોર્મેશન ટેક્નોલોજી મિનિસ્ટર અશ્વિની વૈષ્ણવને પણ ઇમેઇલ દ્વારા ભારપુર્વક રજુઆત કરી

(પ્રતિનિધી) ભરૂચ,તા.31

ભરૂચ અંકલેશ્વર ના સામાજીક, ઔધોગિક અગ્રણી ભુતપૂર્વ પ્રમૂખ ભરૂચ ડિસ્ટ્રીક્ટ મેનેજમેન્ટ એશોશિયેશન અને ભારત સરકારની નવરત્ન કંપની એન્જિનિયર ઈન્ડિયા લિમીટેડનાં ડિરેક્ટર હરીશભાઈ જોષી નું ફેસબુકનું આબેહૂબ નકલી એકાઉન્ટ બનાવીને ફ્રેન્ડ રિકવેસ્ટ મોકલીને પૈસા ની માંગ કરતાં અજાણ્યા સાયબર ક્રિમીનલ સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. ગત જૂન મહિના થી સતત ચાર કરતા વધુ ફૈક ડુપ્લીકેટ પ્રોફાઈલ ઉપર મુખ્યમંત્રી, સહિત અનેક મહાનુભાવો સાથેનાં ફોટા ક્રોપ કરી ને આબેહુબ પ્રોફાઇલ બનાવી લોકો ને ગેરમાર્ગે દોરી ને પહેલા ફ્રેન્ડ રીકવેસ્ટ મોકલીને પછી તાત્કાલિક પૈસાની જરૂર હોય gpay થી 5000 થી 25,000 રૂપિયા મોબાઈલ નંબર 9648584056 ઊપર ટ્રાન્સફર કરવા મેસેજ કરાયો અને હરીશભાઈ જોષી નાં અનેક ફ્રેન્ડ્સ અને ફોલોઅર્સ ને રિક્વેસ્ટ મોકલતા, મિત્રોએ જાણ કરી હતી. આવું ભૂતકાળમાં ચાર વાર બની ચૂક્યું હતું અને આ અંગે તા. 26મી જૂન સાયબર ક્રાઇમ ફરિયાદ નંબર 1930 ઊપર ફરીયાદ કરેલ હતી પરંતુ આ અંગે કોઈ કાર્યવાહી થયેલ નહિ. આ ઉપરાંત ફેસબુક માં પણ આ ફેંક પ્રોફાઈલ અંગે ની અનેક ફરિયાદો હરીશભાઈ ને તેમનાં મિત્રો દ્વારા કરવમાં આવી હતી તેમ છતાં ફેસબૂક દ્વારા કોઈ એક્શન લેવાયા નથી.

ઉલ્લેખનીય એ છે કે અંકલેશ્વરની લુપીન કંપની માં કામ કરી ચૂકેલા સિનિયર અધિકારી બી જી વર્ગીસનું એકાઉન્ટ સાત વાર ફેંક બનાવાયું હતું. આ ઉપરાંત ભરૂચના રવી ગોહિલ, ક્ષિતીજભાઈ પંડ્યા અને ભરૂચનાં જિલ્લા કલેક્ટર તુષાર સુમરાના પણ ડુપ્લીકેટ એકાઉન્ટ થકી સામાન્ય લોકો ને ગુમરાહ કરી ને પૈસા બનાવવો કઠિત એક ગેરકાયદે વ્યાપાર ચાલી રહ્યો છે.આ ગઠીયાઓનાં મોબાઈલ નંબરો પણ ઉપલબ્ધ છે છતાંય આ રાજ્ય અને દેશ વ્યાપી ગેંગો ને ઝડપી પાડવામાં હજુ જોઈએ તેટલી સફળતાં મળી નથી. આ અંગે હરીશભાઇ જોષી એ કેન્દ્રીય ઇન્ફોર્મેશન ટેકનોલોજી મિનિસ્ટર અશ્વિની વૈષ્ણવ ને પણ ઇમેઇલ દ્વારા ભારપુર્વક રજુઆત કરી છે.




### જર્જરિત ઇમારત અસામાજિક પ્રવૃત્તિઓનો અડ્ડો બની જતા સાંસદે તોડી પાડવા કોર્પોરેશનને પત્ર લખ્યો હતો

# આખરે નવાપુરા વિસ્તારમાં 56 ક્વાર્ટર્સ પાસેના દવાખાનાની જર્જરિત ઈમારત જમીન દોસ્ત કરાઈ

**જર્જરીત** ઈમારત તોડી પડાતા સમગ્ર નવાપુરાના રહીશોએ આનંદ અને રાહતની લાગણી વ્યક્ત કરી



(પ્રતિનિધી) વડોદરા, તા.31

શહેરના નવાપુરા વિસ્તારમાં આવેલ 56 ક્વાર્ટર્સ પાસેના કોર્પોરેશનની માલિકીના દવાખાનાની જર્જરીત ઈમારત આખરે કોર્પોરેશને તોડી પાડી હતી. આ જર્જરિત ઈમારત વિવિધ પ્રકારની અસામાજિક પ્રવૃત્તિઓનો અડ્ડો બની ગયો હોઈ અન્ય સ્થાનિક રહીશો ત્રાહિમામ પોકારી ઊઠ્યા હતા.

આખરે સાંસદે મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખી જર્જરિત ઈમારત સત્વરે તોડી પાડવા જણાવ્યું હતું. શહેરના નવાપુરા વિસ્તારમાં આવેલા 56 ક્વોટર્સ પાસે કોર્પોરેશનની માલિકીની ઈમારત છે. વર્ષોથી આ ઈમારતનો ઉપયોગ દવાખાના તરીકે થતો હતો. અહીં દવાખાનું ચાલતું હતું. પરંતુ વર્ષોના વહાણા બાદ આ ઈમારત જર્જરિત થઈ જતા આખરે દવાખાનુ અન્યત્ર ખસેડી લેવામાં આવ્યું હતું. બીજી બાજુ વર્ષોથી પડી રહેલ આ બિનવારસી ઈમારતને પગલે વિસ્તારના કેટલાક અસામાજિક તત્વોને જાણે મોક તું મોકળુ મેદાન મળી ગયું હોય તેમ આ જર્જરિત ઈમારતમાં તમામ પ્રકારની અસામાજિક પ્રવૃત્તિઓ કોઈપણ પ્રકારની રોકટોક વગર ફૂલીફાલી હોવાની ફરિયાદો ઉઠી હતી. એક તબક્કે ઈમારતનો ઉપયોગ કેટલાક સ્થાનિક અસામાજિક તત્વો દારૂ, જુગાર તેમજ અન્ય નશાકારક દ્રવ્યોના લે - વેચ માટે પણ કરતા હોવાની ગંભીર ફરિયાદ વિસ્તારના રહીશોએ સાંસદ ડો. હેમાંગ જોષીને કરી હતી. એટલું જ નહીં વિસ્તારના ખાટકી પશુઓને કાપી તેનો કચરો પણ આ જર્જરિત ઈમારતની આસપાસ ઠાલવતા હોવાને કારણે વિસ્તારના અન્ય રહીશોની ધાર્મિક લાગણી દુભાવાની સાથે આરોગ્ય માટે ગંભીર ખતરો ઉભો થયો હતો. વિસ્તારના રહીશોની આ ફરિયાદોની ગંભીરતાને પગલે સાંસદે તથા મ્યુનિસિપલ કમિશનરને એક લેખિત પત્ર લખી આ જર્જરીત ઈમારત જમીન દોસ્ત કરી અસામાજિક તત્વો દ્વારા તેનો દુરુપયોગ થતો અટકાવવા તત્કાળ કાર્યવાહી કરવા સૂચન કર્યું હતું. સાંસદ ડોક્ટર હેમાંગ જોષીના સૂચનને પગલે વડોદરા કોર્પોરેશનના તંત્રએ બુલડોઝર સહિતની મશીનરી સાથે ત્રાટકી આ જર્જરિત ઈમારતને તોડી પાડી હતી. અસામાજિક તત્વોનો અડ્ડો બનવાની સાથે માથાનો દુખાવો બનેલી ઈમારત તોડી પાડાતા વિસ્તારના રહીશોએ રાહતની લાગણી અનુભવી હતી.


**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ** IDFC FIRST Bank
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયલી)
CIN : L65110TN2014PLC097792
**રજીસ્ટર્ડ ઓફિસ :** કેઆરએમ ટાવર્સ, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ–૬૦૦૦૩૧ ટેલી. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

**પરિશિષ્ટ–૪ (રૂલ ૮[૧)] કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)**

નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલ)** અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ અને તેમને આ ધારાની કલમ ૧૩ (૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના નિયમ ૩ સાથે વંચાણે લઈ તેમને મળેલ સત્તા દ્વારા **તા.૧૩.૧૨.૨૦૨૩** ના રોજ નોટીસ બજાવીને **દેવાદાર, સહદેવાદારો અને જામીનદારો ૧.પીન્ટુભાઈ પરમાર, ૨.જીકીબેન પરમાર** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૩,૬૫,૧૫૫.૦૪(અંકે રૂપિયા ત્રણ લાખ પાંસઠ હજાર એકસો પંચાવન અને ચાર પૈસા પુરા) તા.૧૩.૧૨.૨૦૨૩** ના રોજના આ ડીમાન્ડ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારા કલમ ૧૩ ની પેટા કલમ (૪) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તા.૨૬મી જુલાઈ ૨૦૨૪** ના રોજ આ સંપત્તિનો **સાંકેતિક કબજો** સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારો અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)** ની રકમ **રૂા.૩,૬૫,૧૫૫.૦૪(અંકે રૂપિયા ત્રણ લાખ પાંસઠ હજાર એકસો પંચાવન અને ચાર પૈસા પુરા)** અને વ્યાજને આધીન રહેશે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષિત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

**સ્થાયી મિલકતોનું વર્ણન**

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી બિનખેતીની મિલકત મોજે ગણપતપુરા, પાદરા, વડોદરા સ્થિત મિલકત નં.૯૨૭/૧ જેની જમીનનું માપ ૬૦૫ ચો.ફુટ, બિલ્ટઅપ એરીયા, માપ ૯૯૦ ચો.ફુટ, કાર્પેટ એરીયા માપ ૮૬૦ ચો.ફુટ, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અને સબ ડીસ્ટ્રીકટ : પાદરા, ડીસ્ટ્રીકટ : વડોદરા ખાતે આવેલ છે.જેની ચતુર્દિશા : પૂર્વ તરફ : મહિપત ગમારસિંહનું ઘર પશ્ચિમ તરફ : રમણભાઈના ઘર બાદ રોડ, ઉત્તર તરફ : ભદુભાઈ રાયસિંગભાઈ પઢિયારનું ઘર, દક્ષિણ તરફ : પ્રભાતભાઈ સુખાભાઈ સોલંકીનું ઘર આવેલ છે.

સહિ/–
**અધિકૃત અધિકારી**
**આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)**

**તારીખ : ૨૬– જુલાઈ–૨૦૨૪**
**સ્થળ : પાદરા**
**લોન ખાતા નં.: ૫૮૬૯૪૩૮૮**



# ગુજરાતમિત્ર
## ગતિવિધિ

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' વડોદરા પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર, પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

સરનામુ :- 28/29, બીજો માળ, હિરાવંતી ચેમ્બર્સ, આર્યકન્યા મહાવિદ્યાલય સામે, કારેલીબાગ, વડોદરા. (ફોન : 0265-2462584)

આપ અમને ઈ-મેલ પણ કરી શકો છો! gmbrdpressnote@gmail.com


### પ્રાકૃતિક કૃષિ અભિયાન @ વડોદરા

# દોઢ મહિનામાં 13,400 ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિની તાલીમ મેળવી

**જીવામૃત,** બીજામૃત, નીમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર, અગ્નિઅસ્ત્ર, દશપર્ણીઅર્ક અને સપ્તધાન્યાંકુર અર્ક વિશે માહિતી અપાઇ

(પ્રતિનિધી) વડોદરા, તા.31

સમગ્ર રાજ્યમાં મહત્તમ ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે રાજ્ય સરકાર દ્વારા સર્વગ્રાહી પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. રાસાયણિક ખાતર અને જંતુનાશક દવા વગરની ઝેરમુક્ત ખેતી એ સમયની માંગ છે. વડોદરા જિલ્લામાં પણ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી અપનાવી રહ્યા છે.

ગુજરાત રાજ્ય સંપૂર્ણ પ્રાકૃતિક કૃષિ કરતું રાજ્ય બને તે માટે રાજ્યભરમાં ગ્રામીણ કક્ષાએ નિશુલ્ક તાલીમ મહાઅભિયાન ચાલી રહ્યું છે, ત્યારે વડોદરા જિલ્લામાં આત્મા પ્રોજેક્ટ દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અંગેના વિવિધ આયામોની તાલીમ આપવા માટે જિલ્લાની ૫૩૬ ગ્રામ પંચાયતોમાં તાલીમ નું આયોજન કર્યું હતું.

તા. ૧ જૂનથી તા. ૧૫ જુલાઈ સુધી એટલે કે છેલ્લા દોઢ મહિનામાં ડભોઈ તાલુકામાં ૭૩૨ મહિલા સહિત કુલ ૫૨૧૬ ખેડૂતો અને વાઘોડીયા તાલુકામાં ૪૧૭૩ મહિલા સહિત કુલ ૮૧૮૦ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અંગેની તાલીમ આપવામાં આવી છે. આ સમયગાળા દરમિયાન ડભોઈ તાલુકાની ૮૩ ગ્રામ પંચાયતોમાં ૨૩૯ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ જ રીતે વાઘોડીયા તાલુકાની ૬૭ ગ્રામ પંચાયતોમાં ૨૭૦ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. વડોદરા જિલ્લાના તમામ ગામડાંઓ માટે ૧૦-૧૦ ગામોના ક્લસ્ટર્સ બનાવાયા છે. ૧૦ ગામ પૈકીના જ કોઈ ગામમાં પ્રાકૃતિક ખેતી કરતા નિપૂણ ખેડૂત; કે જેને રાજ્ય સરકારે વિશેષ તાલીમ આપીને 'માસ્ટર ટ્રેઈનર' બનાવ્યા છે તે અને સાથે આત્મા-કૃષિ વિભાગના એક નિષ્ણાત પ્રતિનિધિ, બંને પોતાને ફાળવાયેલા ૧૦ ગામોમાં ખેડૂતોને વિનામૂલ્યે પ્રાકૃતિક ખેતીની તાલીમ આપે છે.

આ તાલીમમાં પ્રાકૃતિક ખેતીને લગતા વિવિધ વિષયો જેવા કે જીવામૃત, બીજામૃત, નીમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર, અગ્નિઅસ્ત્ર, દશપર્ણીઅર્ક અને સપ્તધાન્યાંકુર અર્ક વગેરે વિશે માહિતી આપવામાં આવે છે. વધુમાં કૃત્રિમ ખાતરો, જંતુનાશકો વગરની અને સ્થાનિક ખેત સામગ્રીથી જ એક દેશી ગાયના ગૌ-મૂત્ર અને છાણ દ્વારા ગુણવત્તાયુક્ત ઉત્પાદન નહિવત ખર્ચે કરવાના સિદ્ધાંત આધારિત આ ખેતી પદ્ધતિના જીવામૃત, બીજામૃત, આચ્છદન, વાપશા એમ મુખ્ય ચાર આધારસ્તભો છે.


**કર્ણાટક બેંક લિ.** સમગ્ર ભારતમાં તમારી કૌટુંબિક બેંક.
મુખ્ય કાર્યાલય, મેંગલુરુ-575 002
CIN : L85110KA1924PLC001128
Celebrating 100 Years of Trust 1924

**ઈ-ઓક્શન જાહેર વેચાણની નોટિસ**

એસેટ રિકવરી મેનેજમેન્ટ શાખાઃ 2જી માળ, 'ઇ' બ્લોક, ધ મેટ્રોપોલિટન, પ્લોટ નંબર C-26 અને C-27, બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ, બાંદ્રા (પૂર્વ), મુંબઈ - 400051
લેન્ડલાઈનઃ 022-35008017 / 35128482 / 35082558
ઈ-મેલઃ mumbaiarm@ktkbank.com, વેબસાઈટઃ www.karnatakabank.com

**22.08.2024ના રોજ સ્થાવર મિલકતના વેચાણની નોટિસ**

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ 2002 હેઠળ સ્થાવર સંપત્તિના વેચાણ માટેની ઇ-ઓક્શન સેલ નોટિસ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 8(6) નિયમ 9(1)ની જોગવાઈ સાથે વાંચો. આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઋણ લેનાર (ઓ) અને બાંયધરી આપનારને નાટિસ આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકત સિક્યોર્ડ લેણદાર પાસે ગીરો છે, જેનો કબજો અધિકૃત અધિકારી દ્વારા (કબજાની વિગતો નીચે દર્શાવેલ છે), લેવામાં આવેલ છે. વસૂલાત માટે નીચે જણાવેલ સમયે 22.08.2024ના રોજ "જેમ છે ત્યાં", "જેમ છે તેમ" અને "જે છે તે" આધારે વેચવામાં આવશે. કર્ણાટક બેંક લિમિટેડના બાકી વ્યાજ અને તેના પરના ખર્ચની વિગતો નીચે મુજબ છેઃ અનામત કિંમત અને અર્નેસ્ટ મની ડિપોઝિટની વિગતો નીચે મુજબ છે અને અર્નેસ્ટ મની ડિપોઝિટ 21.08.2024ના રોજ અથવા તે પહેલાં સાંજે 4.00 વાગ્યા સુધીમાં ઓનલાઇન દ્વારા ખાતામાં (જેની વિગતો નીચે દર્શાવેલ છે) જમા કરવાની રહેશે.

| અ. નં. | શાખાનું નામ | ઉધાર લેનારાઓ/જામીનદારોનું નામ અને સરનામું | બેલેન્સ o/s રૂ.માં | મિલકત/ઓનું વર્ણન | અનામત કિંમત (રૂ.) / અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) રૂ. | હરાજીની તારીખ અને સમય / બિડ ઇન્ક્રીમેન્ટલ વેલ્યુ | EMD મોકલવા માટે એકાઉન્ટ નંબર / IFSC કોડ |
|---|---|---|---|---|---|---|---|
| 1 | વડોદરા શાખા | (1) શ્રી મનીષ રાજેશભાઈ પંડિત, S/o શ્રી રાજેશ પંડિત; સરનામુંઃ નં.201, સાકર રેસીડેન્સી, ઇશ્વર કૃપા સોસાયટી પાસે, ફતેગંજ, નિઝામપુરા, વડોદરા, ગુજરાત 390008. (2) મેસર્સ આયુષ લાઇફ સ્પેસ, ભાગીદાર શ્રી સુનિલ રાજેશ પંડિત દ્વારા રજૂ કરાયેલ ભાગીદારી પેઢી; સરનામુંઃ No.F-201, સાકર એનેક્સ-IV, સમા સાવલી રોડ, વડોદરા, ગુજરાત 390008. આ ઉપરાંતઃ મેરી લેન્ડ પાર્ટી પ્લોટ પાસે, ગામ વેમાલી સમા સાવલી રોડ, વડોદરા, ગુજરાત 390008. (3) શ્રીમતી રીટા એમ પંડિત W/o શ્રી મનીષ રાજેશભાઈ પંડિત; સરનામુંઃ નં.201, સાકર રેસીડેન્સી, ઇશ્વર કૃપા સોસાયટી પાસે, ફતેગંજ, નિઝામપુરા, વડોદરા, ગુજરાત 390008. (4) શ્રી સુનિલ રાજેશ પંડિત, S/o શ્રી રાજેશ પંડિત; સરનામુંઃ નં.101, સાકર રેસીડેન્સી, ફતેગંજ, નિઝામપુરા રોડ, વડોદરા, ગુજરાત 390008. (5) શ્રી કૈલાસ ભટુલાલ અગ્રવાલ, S/o અગ્રવાલ ભટુલાલ; સરનામુંઃ નં.54, નૂતન સોસાયટી, બ્લુ ડાયમંડ કોમ્પ્લેક્સની પાછળ, ફતેગંજ, વડોદરા, ગુજરાત 390020. | રૂ.1,87,96,648.77 (રૂપિયા એક કરોડ સત્યાશી લાખ છન્નું હજાર છસો અડતાલીસ અને સત્યોતેર પૈસા માત્ર) એટલે કે, રૂ.1,33,15,311.74 TL A/c નંબર 7937001600211701 હેઠળ 22.07.2024થી ભાવિ વ્યાજ સાથે અને રૂ. 54,81,337.03 OD A/c નંબર 7937000100100201 હેઠળ 01.07.2024થી ભાવિ વ્યાજ સાથે, વત્તા ખર્ચ | આઇટમ નંબર 1: રહેણાક ફ્લેટ નં.201ના તમામ ભાગ અને પાર્સલ, દિયા એલિગન્સ, પ્લોટ નં. D/164થી D/166, સંત વિહાર સોસાયટી, રાણેશ્વર મહાદેવ વાસણા રોડ પાછળ, વડોદરા ખાતે આવેલ મિલકત શ્રી મનીષ રાજેશ પંડિત અને શ્રીમતી રીટા પંડિતની છે. મિલકતની સીમાઓઃ- પૂર્વ : બ્લોક નં.D-163; પશ્ચિમઃ અન્ય મિલકત; ઉત્તર : 7.5 મીટર પહોળો રસ્તો; દક્ષિણઃ બ્લોક નંબર C-113 અને C-114. | Rs.88,55,680/- (રૂપિયા અઠ્યાસી લાખ પંચાવન હજાર છસો એંસી માત્ર) / Rs.8,85,568/- (રૂ. આઠ લાખ પંચ્યાસી હજાર પાંચસો અડસઠ માત્ર) | 22.08.2024 from 1.40 PM to 2.00 PM / Rs. 10,000/- | RTGS એકાઉન્ટ નંબરઃ 7933500200004101, કર્ણાટક બેંક લિમિટેડ, વડોદરા શાખા, IFSC કોડ - KARB0000793 |
| | | | | આઇટમ નંબર 2: સ્કીમ સાકર સ્પ્લેંડોરા-II ના ટાવર 'B' માં ચોથા માળે આવેલ, આશરે 450 ચોરસફૂટનો બિલ્ટઅપ વિસ્તાર અને લગભગ 700 ચોરસફૂટનો સુપર બિલ્ટઅપ વિસ્તાર માપતો રહેણાંક ફ્લેટ નંબર B-404નો તે તમામ ભાગ અને પાર્સલ, જમીન ધરાવતું આરએસ પર આવેલું છે નં.385, બ્લોક નં.227, ટીપી નં.1, એફપી નં.106, ગામ મોજેઃ વેમાલી, મેરી લેન્ડ પાર્ટી પ્લોટ પાસે, સમા-સાવલી રોડ, વડોદરા 390024, મેસર્સ આયુષ લાઇફ સ્પેસનું છે. મિલકતની સીમાઓઃ- પૂર્વઃ પેસેજ અને સીડી; પશ્ચિમઃ માર્જિન અને ટાવર-એ; ઉત્તરઃ ફ્લેટ No.B/405; દક્ષિણઃ ફ્લેટ નં. 403 અને રોડ | Rs.16,25,000/- (રૂપિયા સોળ લાખ પચીસ હજાર માત્ર) / Rs.1,62,500/- (રૂપિયા એક લાખ બાંસઠ હજાર પાંચસો માત્ર) | 22.08.2024 from 2.00 PM to 2.20 PM / Rs. 10,000/- | |
| | | | | આઇટમ નંબર 3: રહેણાક ફ્લેટ નંબર B-501નો તે તમામ ભાગ અને પાર્સલ, આશરે 450 ચોરસફૂટનો બિલ્ટઅપ વિસ્તાર અને લગભગ 700 ચોરસફૂટનો સુપર બિલ્ટઅપ વિસ્તાર, સ્કીમ સાકર સ્પ્લેંડોરા-IIના ટાવર 'B'માં 5મા માળે સ્થિત છે. RS No.385, બ્લોક નં.227, TP નં.1, FP નં.106, ગામ મોજેઃ વેમાલી, મેરી લેન્ડ પાર્ટી પ્લોટ પાસે, સમા-સાવલી રોડ, વડોદરા 390024 પર સ્થિત, મેસર્સ આયુષ લાઇફ સ્પેસની માલિકીનું છે. મિલકતની સીમાઓઃ- પૂર્વઃ કોમન પ્લોટ; પશ્ચિમેઃ ફ્લેટ નં.502; ઉત્તરેઃ પેસેજ; દક્ષિણેઃ રોડ | Rs.16,25,000/- (રૂપિયા સોળ લાખ પચીસ હજાર માત્ર) / Rs.1,62,500/- (રૂપિયા એક લાખ બાંસઠ હજાર પાંચસો માત્ર) | 22.08.2024 from 2.20 PM to 2.40 PM / Rs. 10,000/- | |
| | | | | કબજાની તારીખ / કબજોનો પ્રકારઃ- 12.02.2023/ ભૌતિક કબજો | | | |

(સુરક્ષિત સંપત્તિને રિડીમ કરવા માટે ઉધાર લેનાર/જામીનદારોનું ધ્યાન ઉપલબ્ધ સમયના સંદર્ભમાં, કાયદાની કલમ 13ની પેટા-કલમ (8)ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે)
વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને કર્ણાટકની લિંકનો સંદર્ભ લો બેંકની વેબસાઈટ એટલે કે https://karnatakabank.com/auction-notice "ઓક્શન નોટિસ" શીર્ષક હેઠળ.
ઈ-ઓક્શન પોર્ટલ https://bankauctions.in/ દ્વારા 22.08.2024ના રોજ ઉપરોક્ત સમયે હાથ ધરવામાં આવશે.
05 મિનિટનું અમર્યાદિત વિસ્તરણ. ઇચ્છુક બિડરે પોતાનું નામ https://bankauctions.in/ પર રજીસ્ટર કરાવવું જરૂરી છે અને યુઝર આઈડી અને પાસવર્ડ મફતમાં મેળવવો અને મેસર્સ 4કલોઝર, 605A, 6ઠ્ઠો માળ, મૈત્રીવનમ, અમીરપેટ, હૈદરાબાદ - 500038થી ઈ-ઓક્શન (અસ્થાયી રૂપે 21.08.2024ના રોજ) પર તાલીમ મેળવવી જરૂરી છે. સંપર્ક નં.040-23736405, મોબાઇલઃ 8142000725, ઈ-મેલઃ arijit@bankauctions.in.

સ્થળઃ મુંબઈ, તારીખઃ 01.08.2024
એસડી/- ચીફ મેનેજર અને અધિકૃત અધિકારી, કર્ણાટક બેંક લિ.